www.kamalamgujarat.com

Tuesday

20.10.2020

✻Volume :5 ✻ Issue No. 64

Email.: kamalamgujarat@gmail.com

✻Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✻Managing Editor: Arjun Sondarva ✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ મૈસૂર વિશ્વવિદ્યાલયના શતાબ્દી પદવીદાન સમારંભમાં સંબોધન કર્યું

# મૈસૂર વિશ્વવિદ્યાલય પ્રાચીન ભારતની મહાન શિક્ષણ વ્યવસ્થાનું કેન્દ્ર છે : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

### "જીવનમાં મુશ્કેલીના સમયમાં શિક્ષણ માર્ગ દેખાડે છે."

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મૈસૂર વિશ્વવિદ્યાલયના શતાબ્દી પદવીદાન સમારંભમાં સંબોધન કર્યું હતું. આ પ્રસંગે વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, મૈસૂર વિશ્વવિદ્યાલય પ્રાચીન ભારતની મહાન શિક્ષણ વ્યવસ્થાનું કેન્દ્ર છે, ભવિષ્યના ભારતની આકાંક્ષાઓ અને ક્ષમતાઓનું કેન્દ્ર છે. આ સંસ્થાએ "રાજર્ષિ" નાલ્વદી ક્રિષ્નારાજા વાડિયાર અને એમ વિશ્વેસ્વરૈયાજીના સ્વપ્નને સાકાર કર્યું છે. તેમણે આ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરાવનાર ભારતરત્ન અને મહાન દાર્શનિક ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનજી જેવા દિગ્ગજોને યાદ કર્યા હતા. પ્રધાનમંત્રીએ પોતાના વાસ્તવિક જીવનમાં વિવિધ તબક્કાઓમાં શિક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનનો ઉપયોગ કરવા બદલ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. તેમણે વાસ્તવિક જીવનને સૌથી મોટી પાઠશાળા કે વિશ્વવિદ્યાલય ગણાવી હતી, જે જ્ઞાનનો ઉપયોગ કરવા માટે વિવિધ રીતો શીખવે છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ મહાન કન્નડ સર્જક અને ફિલસૂફ, તત્ત્વચિંતક ગોરુરુ રામાસ્વામી આયંગરજીના શબ્દોને ટાંક્યા હતા – "જીવનમાં મુશ્કેલીના સમયમાં શિક્ષણ માર્ગ દેખાડે છે." તેમણે કહ્યું હતું કે, ભારતની શૈક્ષણિક વ્યવસ્થા ૨૧મી સદીની જરૂરિયાતો પૂર્ણ કરી શકે એ માટે સતત પ્રયાસો ચાલી રહ્યાં છે, જેમાં વિશેષ ભાર માળખાગત સુવિધાના સર્જન અને માળખાગત સુધારા કરવા પર મૂકવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતને ઉચ્ચ શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવા અને આપણી યુવા પેઢીને સ્પર્ધાત્મક બનાવવા ગુણવત્તા અને પ્રમાણ એમ બંને દ્રષ્ટિએ પ્રયાસો કરવા પડશે. તેમણે કહ્યું હતું કે, આઝાદ થયાના આટલાં વર્ષો પછી પણ વર્ષ ૨૦૧૪માં દેશમાં ફક્ત ૧૬ આઈઆઈટી હતી. છેલ્લાં ૬







વર્ષમાં દર વર્ષે એક નવી આઈઆઈટી સ્થાપિત થઈ રહી છે. એમાંથી એક કર્ણાટકના ધારવાડમાં પણ છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં દેશમાં ૯ આઈઆઈટી, ૧૩ આઈઆઈએમ અને ૭ એમ્સ હતી. પછીનાં ૫ વર્ષમાં ૧૬ આઈઆઈટી, ૭ આઈઆઈએમ અને ૮ એમ્સ સ્થાપિત થઈ છે અથવા એનું નિર્માણ થઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લાં પાંચથી છ વર્ષમાં ઉચ્ચ શિક્ષણમાં સરકારના પ્રયાસો નવી સંસ્થાઓ ખોલવા પૂરતાં મર્યાદિત નથી, પણ સાથે સાથે આ સંસ્થાઓમાં સામાજિક સર્વસમાવેશકતા લાવવા અને લિંગ આધારિત સમાનતા સુનિશ્ચિત કરવા પણ વહીવટી સુધારા હાથ ધરવામાં આવ્યાં છે. આ પ્રકારની સંસ્થાઓને વધારે સ્વાયતત્તા આપવામાં આવી છે, જેથી તેઓ તેમની જરૂરિયાત મુજબ નિર્ણયો લઈ શકે. તેમણે કહ્યું હતું કે, પ્રથમ આઈઆઈએમ ધારો દેશભરમાં આઈઆઈએમ સંસ્થાઓને વધારે અધિકારો આપતો હતો. તબીબી શિક્ષણમાં વધારે પારદર્શકતા લાવવા માટે રાષ્ટ્રીય તબીબી પંચ ઊભું કરવામાં આવ્યું છે. હોમિયોપેથી અને અન્ય ભારતીય તબીબી પદ્ધતિઓમાં સુધારો લાવવા માટે બે નવા કાયદા પણ બનાવવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી હતી કે, દેશમાં શિક્ષણના તમામ સ્તરે છોકરાની સરખામણીમાં છોકરીઓની નોંધણીનો રેશિયો એકંદરે વધ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંપૂર્ણ શિક્ષણ ક્ષેત્રમાં મૂળભૂત પરિવર્તનો લાવવા નવો વેગ આપશે. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બહુપરિમાણીય છે, જેનો ઉદેશ આપણા યુવાનોને સાનુકૂળ અને સ્વીકાર્યક્ષમ શિક્ષણ વ્યવસ્થા દ્વારા સ્પર્ધાત્મક બનાવવાનો છે. તેમણે કહ્યું હતું કે, અત્યારે કૌશલ્ય, પુનઃકૌશલ્ય સંપાદિત કરવું અને કૌશલ્ય સંવર્ધનની સૌથી મોટી અને તાતી જરૂર છે. પ્રધાનમંત્રી મોદીએ મૈસૂર વિશ્વવિદ્યાલયને દેશમાં શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓ પૈકીની એક સંસ્થા હોવાની સાથે વિશ્વવિદ્યાલયના સંચાલકોને નવી ઊભી થતી સ્થિતિને અનુરૂપ ઈનોવેશન કરવાની અપીલ કરી હતી. તેમણે સંસ્થાને ઈક્યુબેશન સેન્ટર્સ, ટેકનોલોજી ડેવલપમેન્ટ સેન્ટર્સ, 'ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા લિંકેજ (ઉદ્યોગ-શિક્ષણ વચ્ચે જોડાણ) અને 'ઈન્ટર-ડિસિપ્લિનરી રિસર્ચ (આંતરશાખા સંશોધન)ઙ્ઘ પર ધ્યાન કેન્દ્રિત કરવા પણ અપીલ કરી હતી. તેમણે વિશ્વવિદ્યાલયને આંતરરાષ્ટ્રીય અને સમકાલિન મુદ્દાઓની સાથે સ્થાનિક સંસ્કૃતિ, સ્થાનિક કળા અને અન્ય સામાજિક મુદ્દાઓ પર સંશોધનને પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને તેમની વ્યક્તિગત ક્ષમતાને આધારે ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનો પ્રયાસ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.



સંતરામપુર એ.પી.એમ.સી માં ચેરમેન તરીકે જે.પી. પટેલ અને વાઈસ ચેરમેન તરીકે સી.સી તાવિયાડ ની સર્વાનુમતે વરણી થવા બદલ કમલમ પરિવાર વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ



અબડાસા તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "નરેડી" ગામની મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા. (કમલમ દૈનિક)

# ભારતમાં હવે નાક દ્વારા અપાતી વેક્સીનની ટ્રાયલની તૈયારી

કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

ભારતમાં વેક્સીનનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે અને હવે ટૂંક સમયમાં ઈન્ટ્રાનેસલ વેક્સીનનું ટ્રાયલ પણ શરૂ કરવામાં આવશે. આ જાણકારી સરકાર તરફથી આપવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને કહ્યું કે રેગ્યુલેટરી મંજૂરી મળતા જ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેક નાક દ્વારા અપાતી વેક્સીનનું ટ્રાયલ શરૂ કરી દેશે. હાલમાં ભારતમાં નોઝલ વેક્સીન પર કોઈ ટ્રાયલ ચાલી રહી નથી.

નોઝલ કોરોના વાયરસ વેક્સીનને લઈ ભારત બાયોટેકે વોશિંગ્ટન યુનિવર્સિટી અને સેંટ લુઈસ યુનિવર્સિટીની સાથે એક કરાર કર્યો છે. ડૉ. હર્ષવર્ધને કહ્યું કે, ભારત બાયોટેકે વોશિંગટન યુનિવર્સિટીના સ્કૂલ ઓફ મેડિસિનની સાથે એક કરાર કર્યો છે. જેના હેઠળ કંપની કોરોના માટે ઈન્ટ્રાજેનલ વેક્સીન ટ્રાયલ, ઉત્પાદન અને વેપાર કરશે.

ડૉક્ટર હર્ષવર્ધને કહ્યું કે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેક પોતાના નોઝલ કોરોના વેક્સીનનું લેટ સ્ટેજ ટ્રાયલ ભારતમાં ટૂંક સમયમાં શરૂ કરશે જેમાં ૩૦ હજારથી ૪૦ હજાર સુધી વોલિંટિયર્સ સામેલ થઈ શકશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર દુનિયાભરમાં વેક્સીન તેના ત્રીજા ચરણની ટ્રાયલમાં છે અને આ દરેક વેક્સીન ઈન્જેક્શનવાળી છે.

તમને જણાવી દઈએ કે ભારતના ડૉક્ટર રેડ્ડીઝ લેબ અને RDIFને ભારતમાં સ્પતનિક વી વેક્સીનના લેટ સ્ટેજ ક્લીનિકલ ટ્રાયલ કરવાની પરવાનગી મળી ચૂકી છે. આ પહેલા ડીજીસીઆઈએ એ હેતા મંજૂરી આપવાની ના પાડી દીધી હતી કે રશિયામાં આ વેક્સીનના પહેલા અને બીજા ચરણનું પરીક્ષણ ખૂબ જ ઓછા લોકો પર કરવામાં આવ્યું છે.

સરકારે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે ભારતમાં થોડા મહિનામાં કોરોના વાયરસ વેક્સીન આવવાની આશા છે અને આવનારા ૬ મહિનામાં લોકોને



વેક્સીન આપવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. તો WHOનું કહેવું છે કે સ્વસ્થ યુવાઓને કોરોના વાયરસની વેક્સીન માટે ૨૦૨૨ સુધી રાહ જોવી પડી શકે છે. કારણ કે સૌથી પહેલા હેલ્થ વર્કર્સ અને વધુ રિસ્ક ધરાવતા લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

WHOના મુખ્ય વૈજ્ઞાનિક ડૉક્ટર સૌમ્યા સ્વામીનાથનનું કહેવું છે કે સ્વસ્થ યુવાઓએ વેક્સીન માટે રાહ જોવી પડી શકે છે. તેમણે કહ્યું કે, મોટાભાગના લોકો એ વાત પર સંમત છે કે સૌથી પહેલા વેક્સીન હેલ્થ કેયર વર્કર્સ અને ફ્રંટ લાઈન વર્કર્સને આપવી જોઈએ. પણ અહીં પણ એ જોવાની જરૂરત રહેશે કે કોરોનાનો સૌથી વધારે ખતરો કયા લોકોમાં છે અને ત્યાર પછી વૃદ્ધોનો નંબર આવે છે.

તેમણે કહ્યું કે, ૨૦૨૧ સુધી ઓછામાં ઓછી પ્રભાવી વેક્સીન આવી જશે પણ તે સીમિત માત્રામાં ઉપલબ્ધ રહેશશે અને માટે અતિસંવેદનશીલ લોકોને પહેલા પ્રાથમિકતા આપવામાં આવશે. તો વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના કોવેક્સ ગઠજોડમાં સામેલ થવાના થોડા દિવસો પછી ચીને પોતાની કોરોના વેક્સીનને ઈમરજન્સી વપરાશને ૩ વધુ શહેરોમાં કરવાની મંજૂરી આપી છે. આ ત્રણ પૂર્વીય શહેર ચીનના ઝેજિયાંગ પ્રાંતના છે.

# ગાંધીનગર ખાતે રૂપિયા ૨૪ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર રિઝલ્ટ પ્રોસેસીગ સેન્ટરના મકાનનો શિલાન્યાસ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરાયું









કમલમ દૈનિક, ગાંધીનગર

શિક્ષણમાં સૌથી મહત્વની બાબત ગુણવત્તા છે. શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા અભ્યાસના આરંભ થી અંત સુધી જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે રૂપિયા ૨૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરના નવીન મકાનનું શિલાન્યાસ કરતાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. શિલાન્યાસ કર્યા બાદ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા જળવાઈ રહે તેનું ઉમદા કાર્ય કરવાની જવાબદારી આપણા સૌની છે. ગુણવત્તા હશે, તો જ સમાજમાં સારા વ્યક્તિત્વનું ઘડતર કરી શકીશું. સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે રહેલી ગુણવત્તાની નોંધ લેવામાં આવી છે. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના કારણે શાળા-કોલેજોની પરીક્ષા અધુરી રહી ગઈ હતી. લોકડાઉનના કારણે દેશની અનેક સંસ્થાઓ પોતાની પરીક્ષાનું સુચારું આયોજન કરી શક્યા ન હતા. તેવા સમય દરમ્યાન રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરીને પરીક્ષા યોજવામાં આવી હતી. તેમજ દર વર્ષે અપાતા બોર્ડનું પરિણામ માત્ર અઠવાડિયા જેટલા સમય જ મોડું અપાયું છે. શિક્ષણએ લાંબી અને ધીમી પ્રક્રિયા છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ સમગ્ર રિઝલ્ટની કાર્યવાહી એક જગ્યાએથી થશે. તેમજ તેનો ફાયદો આગામી ટુંકા સમયમાં આપણેને અનુભવ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરના પંડિત દિનદયાળ પરીક્ષા ભવનના નવીન મકાનનું નિર્માણ કરવામાં આવનાર છે. આજરોજ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે નવનિર્માણ પામનાર મકાનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તેમજ નવનિર્માણ પામનાર ભવનના પ્લાનીંગની બારીકાઈથી માહિતી મેળવી હતી.આ પ્રસંગે ગુજરાતમાધ્યમિકઅનેઉચ્ચતરમાધ્યમિક શિક્ષણબોર્ડનાચેરમેનશ્રીએ.જે.શાહે આભારવિધી કરી હતી. આ પ્રસંગે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ સહિત મહાનુભાવો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જયપુર ગુલાબી નગરી થી ડો ગુલાબચંદ પટેલ ને "નારાયણ સ્પેશિયલ એવાર્ડ" અર્પિત થયો







કમલમ દૈનિક, ગાંધીનગર

ગાંધીનગર ગુજરાત ના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર અને હિન્દી ગુજરાતી સાહિત્યકાર ને તેઓની સામાજિક કાર્યકર તરીકે ની પ્રવૃત્તિ ઓ ધ્યાન માં લઈ ને જયપુર ગુલાબી નગરી માં નારાયણ સેવા સમિતિ દ્વારા ડૉ ગુલાબચંદ પટેલ ને "નારાયણ સ્પેશિયલ એવાર્ડ " તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ જયપુર ની હોટલ રમાડા ખાતે થી અર્પિત કરવામાં આવ્યો છે. શ્રી પટેલ ને એવાર્ડ સર્ટિફિકેટ અને સુંદર ટ્રોફી પણ પ્રદાન કરવામાં આવી છે, શ્રી પટેલ ને અત્યાર સુધી માં સામાજિક સેવાઓ માટે અંદાજીત એક સો જેટલા સન્માન અને પુરસ્કાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત થયા છે. શ્રી પટેલ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ ઓન લાઈન ગુજરાતી અને હિન્દી સહિતય માટે ચલાવી રહ્યા છે, શ્રી પટેલ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ ના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. તથા હિન્દી સાહિત્ય પરિષદ અમદાવાદ ના કારોબારી સભ્ય છે. શ્રી પટેલ ને ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ના પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.





# ઝાંઝરકાના મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા અબડાસા વિધાનસભા પેટા ચુંટણીમાં પ્રદ્યુમનસિંહ જાડેજાને પ્રચંડ બહુમતિથી વિજયી બનાવવામાં દલિત સમાજને સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો

કમલમ દૈનિક,

ઝાંઝરકાના મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા કચ્છની મુલાકાતે વિવિધ ગામોમાં દલિત આગેવાનો સાથે બેઠકો યોજી ઝાંઝરકા જાગીરના મહંત અને પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી શંભુનાથજી ટુંડીયા કચ્છની મુલાકાતે પધાર્યા હતા . સાંસદ વિનોદભાઈ ચાવડા , ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી , પૂર્વ સાંસદ પૂનમબેન જાટ , કચ્છ જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ સામતભાઈ મહેશ્વરી વગેરે આગેવાનો સાથે તેમણે કચ્છના વિવિધ ગામોની મુલાકાત લઈ દલિત સમાજના ભાઈઓ સાથે ખાટલા બેઠક તેમજ સભાઓ યોજી અબડાસા વિધાનસભા પેટા ચુંટણીમાં પ્રદ્યુમનસિંહ જાડેજાને પ્રચંડ બહુમતિથી વિજયી બનાવવામાં દલિત સમાજને સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો . સૌ પ્રથમ પાલનપુર ( બાંડી ) ખાતે દલિત સમાજના આગેવાનો સાથે ખાટલા બેઠક યોજી ત્યાર બાદ નિરોણા ખાતે મારવાડા અને મહેશ્વરી સમાજના ભાઈઓ સાથેની બે અલગ અલગ ખાટલા બેઠકમાં ભાગ લીધો હતો . ત્યાર બાદ નિરોણા ખાતે જ એક જાહેર સભાને તેમણે સંબોધી હતી અને છેલ્લે મોરઝર ( વિથોણ ) ની જાહેર સભામાં પણ સંબોધન કર્યું હતું . મહંત શ્રી શંભુનાથજી ટુંડીયાએ જણાવ્યું હતું કે , પ્રદ્યુમનસિંહ જાડેજા જેવા અજાત શત્રુ અને સાચા સેવક આપણે મળ્યા છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે . પ્રદ્યુમનસિંહે હંમેશા તેમના રાજકીય અને સામાજિક જીવનમાં નાનામાં નાની વ્યકિત સાથે અંગત ધરોબો કેળવ્યો છે અને એમના સુખ - દુઃખના સાથીદાર બનીને વખતો વખત સૌને પડખે ઉભા રહયા છે ત્યારે આવા નિરાભીમાની ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે દલિત સમાજ તેનું શ્રેષ્ઠ યોગદાન આપે એ દલિત સમાજ સહિત સમગ્ર અબડાસાની જનતાના હિત માટે અત્યંત આવશ્યક છે . સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે , ભાજપની કેન્દ્ર અને રાજયની સરકારો દિનદયાલજીએ આપેલા અંત્યોદયના વિચારને અપનાવીને સર્વે સમાજને ધ્યાને રાખીને સમતોલ વિકાસ અને સમરસતાની દિશામાં સફળતા પૂર્વક આગળ વધી રહયું છે . વંશવાદ અને જાતિવાદથી દૂર રહીને કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આયુષ્યમાન ભારત , પ્રધાનમંત્રી આવાસ યોજના , ઉજવલા યોજના , પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના જેવી અનેક મહત્વાકાંક્ષી યોજનાના લાભ ગ્રામ્ય સ્તરના નાનામાં નાના માનવીની ચિંતા કરીને છેક છેવાડાના માનવી સુધી પહોંચાડયા છે ત્યારે સમસ્ત દલિત સમાજની આ પેટા ચુંટણીમાં ફરજ બની રહે છે કે સૌ એ એક જૂટ થઈને પ્રદ્યુમનસિંહની તરફેણમાં મતદાન કરીને તેમની નિશ્ચિત જીતની સરસાઈમાં વધારો કરીએ . પૂર્વ સાંસદ પૂનમબેન જાટે જણાવ્યું હતું કે , રાજયમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકાર હંમેશા દલિતો પ્રત્યે કુણુ વલણ અપનાવીને દલિત સમાજના ઉત્થાન અને વિકાસ માટે અવિરતપણે પ્રયત્નશીલ છે . એક સંવેદનશીલ મુખ્યમંત્રી હોવાના નાતે તેમણે હંમેશા સમરસતાની દિશામાં અગ્રેસર કદમ ઉઠાવ્યા છે ત્યારે આપણા સમાજના સૌ ભાઈઓ - બહેનોએ આ વખતે આ ચુંટણીમાં આપણી એકતા અને સંગઠન શકિતનો અદભૂત પરિચય આપી ભાજપના ઉમેદવારને વિજયી બનાવવા માટે સંકલ્પવાન થવાનું છે . ઉપરોકત કાર્યક્રમોમાં જિલ્લા ભાજપ મંત્રી જે.પી. મહેશ્વરી , આગેવાનો ભીમજીભાઈ જોધાણી , રાજેશ ભાનુશાલી , અજયભાઈ ગઢવી , કેશવજીભાઈ રોશીયા , રવિલાલ નામોરી , અશોકભાઈ હાથી , રમેશભાઈ ધુઆ , ગાભુભાઈ વણકર , કિરણભાઈ ભાનુશાલી , હિતેશભાઈ ગોસ્વામી , મોહનભાઈ ચાવડા સહિત મોરચાના હોદેદારો , ચુંટાયેલા લોક પ્રતિનિધીઓ ઉપસ્થિત રહયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .



કમલમ દૈનિક,

લખપત તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "ખાણોટ " ગામની મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.

# મુળ ઝાલાવડના વતનિ અને જામનગર સ્થિત આગેવાને વતન નો સાદ સાંભળી મીઠા ઉદ્યોગને ધમધમતુ કરવા જહેમત ઉઠાવી

## કોરોનાકાળમા મંદીના ભરડામા પીસાયેલા ખારાઘોડા-પાટડીના અર્થતંત્ર થયા ધબકતા-હજારોને મળી રોજગારી







કમલમ દૈનિક, જામનગર

જામનગર માં સ્થાયી થયેલા ઝાલાવડના વતની આગેવાન એવા રાજેન્દ્રસિંહજી ઝાલાએ વતન નો સાદ સાંભળી મીઠા ઉદ્યોગને ધમધમતુ કરવા વતન મા યોજાયેલી મીટીંગોમા સક્રિય ભાગ લેવા પહોંચ્યા અને હજારો અગરીયા તેમજ લગત સુપરવાઈઝર વહીવટી સ્ટાફ સહિત હજારો લોકોને રોજગારી મળે તે માટેની સક્રિયતા દર્શાવી ખારાઘોડા વિસ્તાર જ્યા બીજો કોઈ ઉદ્યોગ નથી અને મીઠા ઉદ્યોગ બંધ હતો તે ફરીથી શરૂ કરવાની સૌની સાથે માર્ગદર્શક જહેમત ઉઠાવી ત્યારે આ બાબતે રાજેન્દ્રસિંહને બિરદાવતા તેમને વિનમ્ર ભાવે કહ્યુ કે પિતાશ્રીના વખત થી વતન માટે હંમેશા સજ્જ છીએ ત્યારે આ સેવારૂપી સંતોષજનક કાર્ય કરવાનો આનંદ મળ્યો છે એક આત્મસંતોષની અનુભુતિ થઈ છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ ખારાઘોડા-પાટડી-સુરેન્દ્રનગર નાં હિન્દુસ્તાન સોલ્ટ ના સીએમડી કમલેશ કુમારજી અને અગરિયા ઓ ની કમિટી મેમ્બરો ની મિટિંગ મા તેઓ એ ગત ૨૩/૨૪/૨૫ સપ્ટેમ્બર ના રોજ હાજરી આપી કંપની ને નફો કરતી કરવાના પ્રયત્નો માટે કર્મચારીઓ અને અગરિયાઓ ના નિમંત્રણ થી હાજરી આપી હતી. અગરિયાઓ ની સાથે તેમની બનાવેલી સોસાયટીમાં તેઓ ના આમંત્રણ થી તેમજ સીએમડી સાહેબ, બિજા અધિકારીઓ એ હાજરી આપી ઉજવલ ભવિષ્ય ની ખાતરી આપતાં વિશ્વાસ પૂર્ણ વાતાવરણ ઉભું કરવાની કોશિશ કરી હતી. ઉલ્લેખનીય છે કે દેશના મીઠા ઉદ્યોગના પ્રાણ સમાન વિસ્તાર હાલારથી ઝાલાવડ સુધી નો છે તેમાય ખારાઘોડા સમગ્ર પંથકના ગામો નુ યોગદાન મીઠા ઉત્પાદન મા ૬૦ ટકા જેટલુ છે અને હિન્દુસ્તાન સોલ્ટ દ્વારા ૧૦ હજારથી વધુ લોકોને ડાયરેક્ટ તેમજ નોંધપાત્ર સંખ્યામા સેંકડો લોકોને રોજગાર તેમજ બીઝનેસ મળે છે ત્યારે કોરોના કાળમા આ બંધ જેવા રહેલા નિષ્ક્રીય થઈ ગયેલા ઉદ્યોગ ને ફરી ધમધમતો કરવા સૌ ટોપકેડર સાથે રાજેન્દ્રસિંહજીની વરસોના અનુભવની ઉપયોગીતા સાર્થક થઈ જે બિરદાવવા લાયક છે. રેલવે મા શ્રેષ્ઠ સેવાઓ આપી હાલ નિવૃત થઈ જામનગર સ્થાયી થયેલા ઝાલાજીએ વતન નો સાદ સાંભળી મહત્વની મીટીગ વાટાઘાટો સફળ બનાવતા તે પંથકના સૌ એ તેઓનો આભાર વ્યકત કર્યો હતો ઉલ્લેખનીય છે અધીકારી તરીકે વરસોની ફરજ બાદ હાલ નિવૃતિમા ભવ્ય વારસો સાથે લઈ લો પ્રોફાઈલ લઈ સમાજ જીવન ના વિષયો મા તદન નિર્લેપભાવે રૂચી દાખવી પ્રેરણારૂપ જીવન જીવે છે જેના અનેક ઉદાહરણો આજની પેઢી માટે માર્ગદર્શક છે તેમજ પ્રચાર પ્રસાર નહી સેવા સદકાર્ય અને સાચી સલાહ આપવાનો મુળમંત્ર તેમને અપનાવ્યો છે જે હાલાર માટે પણ ગૌરવ છે તેમ તેમને નજીકથી જાણનારા સમીક્ષકોનો અભિપ્રાય છે

# આજથી બાવન વર્ષ પહેલાં થયેલ જમીનનો વેચાણ-દસ્તાવેજ રદ કરવા અંગેની અપીલ રદ કરી, સીમાચિહ્નરૂપ ચુકાદો આપતી નામદાર પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ-બોટાદ



ડો.ડી.બી.દેસાઇ-એડવોકેટ
મોબાઈલ વોટસએપ નં.
૯૪૨૬૩૬૨૪૯૪

કમલમ દૈનિક,
બોટાદ

જમીનોના ભાવ આસમાને પહોંચતા અનેક નિતનવા અજીબ કિસ્સાઓ ધ્યાને આવતા હોય છે. આવો જ એક કિસ્સો બોટાદ જિલ્લામાં બનવા પામેલ છે. જિલ્લાના અલમપુર ગામમાં આશરે ૨૦ એકર અર્થાત ૫૦ વિઘા જેટલી સોનાની લગડી જેવી ખેતીની જમીન, અપીલકર્તા - અરજદાર પક્ષના પૂર્વજ પાસેથી, સામાવાળાના વડવા મર્હુમશ્રી ભગવાનભાઈ દલુભાઈ પ્રજાપતિએ ૧૯૬૮ની સાલમાં કાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરીને અઘાટ-વેચાણથી આ જમીન ખરીદ કરી હતી. ત્યારબાદ સરકારશ્રીના રેવન્યુ રેકર્ડમાં તમામ આધાર-દસ્તાવેજો સ્વ.ભગવાનભાઈ પ્રજાપતિ અને તેમના કાયદેસરના વારસદારોના નામે થયેલા, પરંતુ આ કિંમતી જમીન આંચકી લઈ, પચાવી પાડવાનું પ્રલોભન-લાલચ ઉભી થતા, જમીન વેચનાર ગુજરી ગયા પછી, તેઓશ્રીના પક્ષે, સને ૨૦૧૨માં અર્થાત આશરે ૪૪ વર્ષ પછી, પાવર ઓફ એટર્ની હોલ્ડર મારફતે નામદાર સીવીલ કોર્ટ-અમદાવાદ, મહે. મામલતદારશ્રી-રાણપુર, મહે. નાયબ કલેકટરશ્રી-બરવાળા, મહેરબાન કલેકટરશ્રી-બોટાદ, નામદાર ગુજરાત હાઈકોર્ટ-અમદાવાદ...વિગેરે કોર્ટસ સમક્ષ વિભિન્ન કેસો દાખલ કરવામા આવેલ હતા. મહેરબાન સીનીયર પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ - અમદાવાદ ખાતે, આ આશરે ૨૦ એકર અર્થાત ૫૦ વિઘા જમીનનો, આજથી ૫૨ વર્ષ પહેલાંનો કાયદેસર રીતે થયેલ વેચાણ-દસ્તાવેજ રદ કરવા માટે, દાવો-કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જે ચાલવાપાત્ર ન થતાં, પાવર હોલ્ડર ત્યારબાદ તેની ઉપરની એપેલેટ કોર્ટ અને છેલ્લે ગુજરાત રાજયની વડી અદાલત એવી નામદાર ગુજરાત હાઈકોર્ટ-અમદાવાદ સુધી, કાનૂની જંગ લડયા હતા. આ દરમ્યાન બોટાદ નવો જિલ્લો અમલી બનતાં, આ દાવા-કેસની હકુમત અમદાવાદ ખાતેથી નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ - બોટાદ ખાતે ટ્રાન્સફર થતાં અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશન મુજબ, ડિસ્ટ્રીકટ કોર્ટ - બોટાદ ખાતે, સદરહું અપીલ-દાવા કેસની કાનૂની કાર્યવાહી ચલાવવામા આવી હતી. આ અપીલ-દાવા કેસમાં આશરે ૨૦ એકર અર્થાત ૫૦ વીઘા જમીન ખરીદનાર મર્હુમશ્રી ભગવાનભાઈ દલુભાઈ પ્રજાપતિના કાયદેસરના વારસદારો એવા કુલ ૧૩ પ્રતિવાદી અર્થાત સામાવાળા પક્ષના પરિવાજનોએ, ગુજરાત હાઈકોર્ટ - અમદાવાદના એડવોકેટ ડો. ડી. બી. દેસાઇ (પી.એચડી)ને, પોતાની આજીવિકા અને જીવાદોરી સમાન, આ અતિ મહત્વના જમીન-કેસમાં મેદાને ઉતારેલ હતા. નામદાર પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ - બોટાદ સમક્ષ એડવોકેટ ડો. ડી. બી. દેસાઈએ જમીન-કેસના વિભિન્ન પાસાઓની કાયદાકીય છણાવટ કરીને, તમામ આધાર-પુરાવાઓ સાથે, "ટુ-ધ-પોઈન્ટ" વિદ્વતાપૂર્ણ રજૂઆત-સહ-દલીલ કરી હતી કે ૧૯૬૮નો વેચાણ-દસ્તાવેજ સને ૨૦૧૨માં અર્થાત આશરે ૪૪ વર્ષ પછી ખોટો છે, એવું માનીને પડકારવો, એ પ્રથમ તો કાયદાની જોગવાઈઓ અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છે. અપીલકર્તા-વાદીએ માનનીય ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીના ફરિયાદ નિવારણ એકમમાં અગાઉ રજૂઆત કરેલ છે, જેથી અમદાવાદ ગ્રામ્ય વિભાગના ડી.એસ.પી.શ્રીની કચેરી મારફતે, આ અંગે બંને પક્ષકારોના પોલીસ સમક્ષના નિવેદનો પણ નોંધવામાં આવેલ છે. અમારી વિરુધ્ધ કોઈ ફોજદારી ગુન્હો પણ નોંધાયેલ નથી. સદરહું જમીન એ વડીલોપાર્જીત નહીં, પણ સ્વ-પાર્જીત પ્રકારની છે, આથી જો અપીલકર્તા-વાદીને અન્યાય થયો હોય તો પ્રથમ ઈન્ડિયન સકસેશન એકટ-૧૯૨૫ની જોગવાઈઓ મુજબ, તેમણે વારસાઇ કરાવવી જોઇયે અને ત્યારબાદ ગમે તે દાદ અર્થે નામદાર કોર્ટ સમક્ષ આવવું જોઇએ,પરંતુ હાલના અપીલકર્તા-વાદી સરકાર શ્રીના કોઈપણ રેવન્યુ રેકર્ડ પર ન હોવાથી, સદરહું જમીન અંગે કોઈ જ કાયદાકીય અધિકાર અર્થાત લીગલ-લોકસ ધરાવતા નથી. વળી, અપીલ દાખલ કરનાર પાવર હોલ્ડરને અપાયેલ અધિકાર એ પણ પાવર ઓફ એટર્ની એકટ-૧૮૮૨ની જોગવાઈ મુજબ પણ થયેલ નથી. અમોના અસીલને જમીન વેચનાર હયાત હતા, ત્યાં સુધીમાં જો વેચાણ દસ્તાવેજ ખોટો હોય તો તેમણે કોઈ જ લીગલ કાર્યવાહી કરવી જોઈતી હતી, જે પણ કરેલ નહોતી. અમોના અસીલ તરફે, કાયદેસર વેચાણ દસ્તાવેજ સબ-રજિસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધાયા બાદ, આજ દિન સુધી તમામ વેરા-વિધોટી અમો ભરપાઈ કરતા આવ્યા છે અને સદરહું જમીનના અમો બોનાફાઈડ પરચેઝર વ્યકિત છીએ. સદર જમીનમાં કોઈ શરતભંગ થયો હોય, તો એ અંગે ગણોતધારા એકટની કલમ ૪૩, ૮૪-સી કે અન્ય જોગવાઈઓ મુજબની કાર્યવાહી સરકારશ્રી, પોતાનો સુઓમોટો પાવર વાપરીને કરી શકે છે, પરંતુ હાલના અપીલકર્તા વાદીનો એ અંગે કોઈ પણ દાદ માંગવાનો અધિકાર જ નથી. એડવોકેટ ડો. ડી.બી.દેસાઈએ નામદાર ડિસ્ટ્રિકટ કોર્ટ સમક્ષ ઉમેર્યું હતું કે આ સિવાય ગુજરાત સરકારશ્રીના તા.૧૯-૧૦-૨૦૦૦ના સરકારી ઠરાવ મુજબની પટની રકમ નાયબ કલેકટરશ્રી-ધોળકા સમક્ષ પણ અમોના અસીલે ભરપાઈ કરેલ છે, છતાં પણ અપીલકર્તાએ અનેકવિધ અસત્યોનો આશરો લઈ અને કાયદાકીય જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરી, માત્ર પોતાનો સ્વાર્થ સાધવા અને અમોના અસીલને હેરાન-પરેશાન કરીને, ખર્ચના ઉંડા ખાડામાં ઉતારી દેવા, જાણી-બુઝીને ગુન્હાહિત કૃત્ય કરેલ છે, જેથી માલા-ફાઈડઈન્ટેશનથી સદર અપીલ દાવા-કેસ આપ નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે.... વિગેરે વિગેરે. આ માટે એડવોકેટ ડો. ડી. બી. દેસાઈએ પોતાની રજુઆત-દલીલના સમર્થનમાં, નામદાર સુપ્રીમ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટ અને વિભિન્ન રાજયોની હાઈકોર્ટસના કુલ ૧૨ જજમેન્ટ્સનો આધાર લઈને ભારપૂર્વક-સહ-વિનમ્રતાપૂર્વક દલીલ કરી હતી. અંતે, જમીન વેચનાર અને ખરીદનાર, એમ બન્ને પક્ષકારોની વિગતવાર રજુઆતો ધ્યાને લેતા, નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ - બોટાદ મારફતે જમીન ખરીદનાર પક્ષના એડવોકેટ ડો. ડી. બી. દેસાઈની રજૂઆતો અને દલીલોમાં વજુદ-સચ્ચાઈ જણાતા, આશરે ૨૦ એકર અર્થાત ૫૦ વિઘા ખેતીની જમીનના કાયદેસર વેચાણ-દસ્તાવેજને રદ કરવા અંગેની અપીલકર્તા-વાદીનો અપીલ-કેસ રદ કરવા નામદાર પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ કોર્ટે હુકમ કરીને, સીમાચિહ્ન રૂપ ચુકાદો જાહેર કરેલ છે. સદર ચુકાદાથી બોટાદ જિલ્લાના અલમપુર ગામના જમીન ખરીદનાર પ્રજાપતિ કુટુંબના તમામ પરિવારજનોમાં હર્ષ અને આનંદની લાગણી પ્રસરી ગયેલ છે.

# ગુજરાતની શાણી અને સમજુ જનતા કૉંગ્રેસના બદઈરાદાઓને સારી રીતે સમજે છે, જનતા કૉંગ્રેસનો કાળો પંજો ક્યારેય ગુજરાતની તિજોરી પર પડવા નહિં દે. -શ્રી પ્રશાંત વાળા

**આગામી આઠ વિધાનસભાની પેટા ચૂંટણીને અનુલક્ષીને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, વિધાનસભા પેટાચૂંટણીના ઈન્ચાર્જશ્રીઓ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ તેમજ પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના ચૂંટણીલક્ષી પ્રવાસ ચાલું છે.દરેક વિધાનસભા બેઠક પર ભાજપાને જનતાનો જબરદસ્ત જનપ્રતિસાદ મળી રહ્યો છે. -શ્રી પ્રશાંત વાળા**



**પ્રદેશના હોદેદારશ્રીઓ, ભાજપાના ઉમેદવારશ્રીઓ, વિધાનસભા બેઠકોના ઈન્ચાર્જશ્રીઓ, સ્થાનિક સંગઠનના હોદેદારશ્રીઓ તેમજ ચૂંટાયેલા સભ્યો સહિત ભાજપા કાર્યકર્તાઓ ઉત્સાહ અને વિજયના આત્મવિશ્વાસ સાથે ચૂંટણી પ્રચારનું કાર્ય કરી રહ્યા છે. -શ્રી પ્રશાંત વાળા**

**ઉમરેઠના ભાજપાના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારે આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે મુલાકાત કરી છે, તેમને ભાજપાથી કોઈ નારાજગી નથી, તેથી કૉંગ્રેસને આ બાબતે રાજી થવાની કોઈ જરૂર નથી. શ્રી પ્રશાંત વાળા**

**કેન્દ્રીય સ્તરેથી લઈને વિવિધ રાજ્યોમાં કૉંગ્રેસમાં સંગઠનના અને ચુંટાયેલા જનપ્રતિનિધિઓ કૉંગ્રેસના દિશાહીન નેતૃત્વ તેમજ આંતરિક તીવ્ર જુથબંધીના કારણે નારાજગી વ્યક્ત કરી રહયા છે, કૉંગ્રેસ સાથે પોતાનો છેડો ફાડી રહ્યા છે, જનતાની સાથે સાથે હવે કૉંગ્રેસના નેતાઓને પણ હવે કૉંગ્રેસ પર વિશ્વાસ રહ્યો નથી.-શ્રી પ્રશાંત વાળા**

**ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપા સાથે છે ત્યારે હાર ભાળી ગયેલી કૉંગ્રેસ એક જવાબદાર રાજકીય પાર્ટીને શોભે નહી તેવી નિમ્ન કક્ષાની હરકતો પર ઉતરી આવી છે. - શ્રી પ્રશાંત વાળા**

**કૉંગ્રેસ પોતાના જ કાર્યકર્તાઓને એક પછી એક ખેસ પહેરાવીને ભાજપાના ૨૦૦ આઈ. ટી. સેલના કાર્યકર્તાઓ ભાજપામાં જોડાયા તેવો ખોટો દેખાડો કરી રહી છે, ભાજપાના આઇ. ટી. સેલના કોઈપણ જવાબદાર કાર્યકર્તાઓ કૉંગ્રેસમાં જોડાયા નથી. -શ્રી પ્રશાંત વાળા**

**સુરત ખાતે ઈંડા ફેંકવાની જે ઘટના બની છે તે શરમજનક છે. ભાજપા સાથેની સીધી લડાઈમાં પહોંચી ન શકતી કૉંગ્રેસને ચૂંટણીમાં તેનો પરાજ્ય દેખાઈ રહ્યો છે, તેથી લુખ્ખા તત્વો દ્વારા આ પ્રકારના હીન કક્ષાના દુષ્કૃત્યો કરી કૉંગ્રેસ વાતાવરણને બગાડવાના કુપ્રયાસો કરી રહી છે. - શ્રી પ્રશાંત વાળા**

કમલમ દૈનિક,

ભાજપા મીડિયા વિભાગના પ્રદેશ કન્વીનર શ્રી પ્રશાંત વાળાએ આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે મીડિયાના મિત્રોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આગામી આઠ વિધાનસભાની પેટા ચૂંટણીને અનુલક્ષીને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, વિધાનસભા પેટાચૂંટણીના ઈન્ચાર્જશ્રીઓ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ તેમજ પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના ચૂંટણીલક્ષી પ્રવાસ ચાલું છે. આ ઉપરાંત પ્રદેશના હોદેદારશ્રીઓ, ભાજપાના ઉમેદવારશ્રીઓ, વિધાનસભા બેઠકોના ઈન્ચાર્જશ્રીઓ, સ્થાનિક સંગઠનના હોદેદારશ્રીઓ તેમજ ચૂંટાયેલા સભ્યો, ભાજપા કાર્યકર્તાઓ ઉત્સાહ અને વિજયના આત્મવિશ્વાસ સાથે ચૂંટણી પ્રચારનું કાર્ય કરી રહ્યા છે. શ્રી પ્રશાંત વાળાએ જણાવ્યું હતું કે, દરેક વિધાનસભા બેઠક પર ભાજપાને જનતાનો જબરદસ્ત જનપ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપા સાથે છે ત્યારે હાર ભાળી ગયેલી કૉંગ્રેસ એક જવાબદાર રાજકીય પાર્ટીને શોભે નહીં તેવી નિમ્ન કક્ષાની હરકતો પર ઉતરી આવી છે. ગઈકાલે સુરત ખાતે ઈંડા ફેંકવાની જે ઘટના બની છે તે શરમજનક છે. ભાજપા સાથેની સીધી લડાઈમાં પહોંચી ન શકતી કૉંગ્રેસને ચૂંટણીમાં તેનો પરાજય દેખાઈ રહ્યો છે, તેથી લુખ્ખા તત્વો દ્વારા આ પ્રકારના હીન કક્ષાના દુષ્કૃત્યો કરી કૉંગ્રેસ વાતાવરણને બગાડવાના કુપ્રયાસો કરી રહી છે.શ્રી પ્રશાંત વાળાએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં પણ કૉંગ્રેસે ગુજરાતમાં જ્ઞાતિ-જાતિ વચ્ચે ઝઘડાઓ કરાવી, વેરઝેર ફેલાવી, પૈસાના પાવરથી ગુજરાતની શાંતિ ડહોળવાના હીન પ્રયાસો કર્યા હતા પરંતુ ગુજરાતની શાણી અને સમજુ જનતા કૉંગ્રેસના આવાં બદઈરાદાઓને સારી રીતે સમજે છે, જનતા કૉંગ્રેસનો કાળો પંજો ક્યારેય ગુજરાતની તિજોરી પર પડવા નહિં દે. શ્રી પ્રશાંત વાળાએ વધુમાં જણાવ્યું હતું કે, કૉંગ્રેસ પાસે કોઈ મુદ્દાઓ નથી તેથી નીતનવા જુઠ્ઠાણાઓ ફેલાવી કૉંગ્રેસ જનતાને ગેરમાર્ગે દોરવાના નિષ્ફળ પ્રયાસો કરી રહી છે. ગઈકાલે કૉંગ્રેસે ભાજપાના ૨૦૦ જેટલા આઈ. ટી. સેલના કાર્યકર્તાઓ કૉંગ્રેસમાં જોડાયા તેવું કહ્યું, પરંતુ આ વાત તદ્દન ખોટી છે, કૉંગ્રેસ પોતાના જ કાર્યકર્તાઓને એક પછી એક ખેસ પહેરાવીને ફક્ત ખોટો દેખાડો કરી રહી છે, ભાજપાના આઈ. ટી. સેલના કોઈપણ જવાબદાર કાર્યકર્તાઓ કૉંગ્રેસમાં જોડાયા નથી. શ્રી પ્રશાંત વાળાએ જણાવ્યું હતું કે, ઉમરેઠના ભાજપાના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારને ભાજપાથી કોઈ નારાજગી નથી, તેથી કૉંગ્રેસને આ બાબતે રાજી થવાની કોઈ જરૂર નથી. આજે શ્રી ગોવિંદભાઈ પરમારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે મુલાકાત કરી છે. કેન્દ્રીય સ્તરેથી લઈને વિવિધ રાજ્યોમાં કૉંગ્રેસમાં સંગઠનના અને ચુંટાયેલા જનપ્રતિનિધિઓ કૉંગ્રેસના દિશાહીન નેતૃત્વ તેમજ આંતરિક તીવ્ર જુથબંધીના કારણે નારાજગી વ્યક્ત કરી રહયા છે, અને કૉંગ્રેસ સાથે પોતાનો છેડો ફાડી રહ્યા છે, કૉંગ્રેસના ટોચના કહેવાતા ૨૩ જેટલા સિનિયર નેતાઓએ મોવડીમંડળ સામે નારાજગી વ્યક્ત કરી છે, જનતાની સાથે સાથે હવે કૉંગ્રેસના નેતાઓને પણ હવે કૉંગ્રેસ પર વિશ્વાસ રહ્યો નથી.



અબડાસા તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "નાન્દ્રા" ગામની મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.(કમલમ દૈનિક)



મોરબી-માળીયા(મી) વિધાનસભા પેટા ચુંટણીને અંતર્ગત મોરબી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા બેઠક યોજાઈ હતી.(કમલમ દૈનિક)



અબડાસા તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "સણોસરા" ગામની મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.(કમલમ દૈનિક)



મોરબી જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ કોલેજ એસોસિએશન દ્વારા આજે અભિવાદન સમારોહ રાખવામાં આવ્યો હતો.(કમલમ દૈનિક)



મોરબી વિધાનસભા બેઠકની પેટા ચુંટણી સંદર્ભે, શ્રી આહિર સમાજ દ્વારા યોજાયેલી અગત્યની બેઠકમાં, કેબીનેટ મંત્રીશ્રી જ્વાહરભાઈ ચાવડા અને આગેવાનો સાથે ઉપસ્થિત રહી, શ્રી બ્રિજેશભાઈ મેરજાના સમર્થનમા જરૂરી પ્રચાર-પ્રસાર વધુ સઘન કરવા આહવાન કર્યુ.(કમલમ દૈનિક)



અબડાસા તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "બાલાચોડ નાની" ગામની મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.(કમલમ દૈનિક)



પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા ની વિશેષ ઉપસ્થિતિમાં અને માન. મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં મોરબી વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત કાર્યકર્તાઓની બેઠક યોજાઈ. આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે.જાડેજા, વિધાનસભા પેટા ચૂંટણીના પ્રદેશ ઈન્ચાર્જ અને પૂર્વમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, સાંસદ શ્રી પૂનમબેન માડમ, શ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી નરહરિભાઈ અમીન, મોરબી જિલ્લા પ્રમુખ શ્રી રાઘવજીભાઈ, રાજકોટ મહાનગર પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી અને રાજકોટ જિલ્લા પ્રમુખ શ્રી ડી.કે.સખીયા સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા.(કમલમ દૈનિક)

# ડાંગ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત કાર્યકર્તાઓની બેઠક યોજી



આ બેઠકમાં માન. મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાજી, શ્રી ઈશ્વરભાઈ પરમાર, શ્રી રમણલાલ પાટકરજી, વિધાનસભા પેટા ચૂંટણીના પ્રદેશ ઈન્ચાર્જ અને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, સાંસદ ડો. કે.સી.પટેલજી, ડાંગ વિધાનસભા સીટના ઈન્ચાર્જ શ્રી પૂર્ણેશભાઈ મોદી અને ડાંગ જિલ્લા પ્રમુખ શ્રી બાબુરાવ ચૌર્યા જી પણ ઉપસ્થિત રહ્યા.(કમલમ દૈનિક)

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028